

## ડૉ. મનીષા રબારી
**આસિસ્ટન્ટ પ્રોફેસર, કૉમર્સ વિભાગ**

ગુજરાતની અસ્મિતાના પ્રતીક સમા સિદ્ધપુર નગરનાં વતની ડૉ. મનીષા બળદેવભાઈ રબારી વર્ષ ૨૦૧૬થી સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરની શૈક્ષણિક-સાહિત્ય-સંશોધનાત્મક આબોહવામાં પ્રવૃત્ત છે. કૉમર્સ વિભાગમાં એકાઉન્ટન્સી વિષયના તેજસ્વી અધ્યાપક તરીકે ફરજ બજાવતાં ડૉ. મનીષા રબારીએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી સ્નાતક અને અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી છે. તેમની શિક્ષણયાત્રા આટલેથી ન અટકતાં ઉચ્ચ શિક્ષણના બે સર્વોચ્ચ શિખર M.Phil અને Ph.D. સુધી પહોંચી છે. તેમણે M.Phil.ની પદવી શ્રેષ્ઠ ગુણાંક I-Dist. સાથે પ્રાપ્ત કરેલી છે. અને ટી.એ. ચેતવાણી આર્ટ્સ અને જે. વી. ગોકળ કૉમર્સ કૉલજના આચાર્ય ડૉ. સી. એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ **'A Comparative Study of Financial Perfomance of Selected Agriculture Product Market Committees of North Gujarat'** વિષય પર વિદ્યા વાચસ્પતિની (Ph.D.)ની પદવી પ્રાપ્ત કરી છે. તેઓની અધ્યાપન યાત્રાના ત્રણ મુકામ જોઈએ તો સરકારી કૉલેજ, વડાલીમાં એક વર્ષ, આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ ખેરાલુમાં બે વર્ષ અને વર્ષ ૨૦૧૬થી સમર્પણ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં તેઓ ફરજ બજાવે છે.

તેઓની સંશોધનપ્રીતિ જોઈએ તો, આજના કથળતા શૈક્ષણિક માહોલમાં તેઓએ પોતાના વિષયને ન્યાય આપતાં પાંચ પુસ્તકો પ્રગટ કરેલાં છે જે તેમનું પોતાના વિષયને આપેલ શ્રેષ્ઠ યોગદાન છે. આ ઉપરાંત એક સાચા અધ્યાપકને છાજે તેવો તેમની સંશોધનવૃત્તિનો ઉત્તમ નમૂનો એ કે ઉચ્ચ શિક્ષણની રાષ્ટ્રીય સંશોધન સંસ્થા UGC દ્વારા આખા ગુજરાતમાંથી માત્ર જૂજ સંશોધન પ્રકલ્પ અનુદાન માટે ગયા વર્ષે પસંદ થયા જેમાં એક પ્રકલ્પ STRIDE અંતર્ગત તેઓનો છે. સંસ્થાને માટે ગૌરવરૂપ આ ઘટના તેમની સંશોધનવૃત્તિ અને પ્રતિભાની પરિચાયક બાબત છે.

કૉલેજમાં Caree Counseling Cell & Placement cellનાં સંયોજક તરીકે છેલ્લાં પાંચ વર્ષથી તેઓ ફરજ બજાવે છે. આ સમિતિનાં અધ્યક્ષ તરીકે તેઓએ વિદ્યાર્થીઓના કારકિર્દી ઘડતરને લગતા આશરે ૪૦ કાર્યક્રમો કર્યા છે. ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે મોટા પાયે રોજગાર મેળાનું આયોજન કરવામાં આવે છે તેમાં વર્ષ ૨૦૧૯-૨૦માં કૉલેજમાં Pre-placement Camp યોજવા બદલ સરકાર દ્વારા સન્માનિત કરવામાં આવેલાં છે.

ડૉ. મનીષા રબારી ઊર્જાવાન, તેજસ્વી, અભ્યાસનિષ્ઠ, વિદ્યાર્થીપ્રિય અધ્યાપક હોવાથી સાથે કળાની સમજ પણ ધરાવે છે. ગયા વર્ષે દિલ્હી ખાતે યોજાયેલી પ્રજાસત્તાક દિનની પરેડમાં તેમને જલશક્તિ મંત્રાલય દ્વારા ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવાનું નિમંત્રણ મળ્યું હતું. સંસ્થાને રાષ્ટ્રીય સ્તરે મૂકી આપતા તેમના ટેબ્લોને રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ સ્થાન મળ્યું હતું. આવા તેજસ્વી અધ્યાપકનું સંસ્થાએ ઉચિત સન્માન પણ કરેલું છે. ડૉ. મનીષા રબારીને સંસ્થા તરફથી આપવામાં આવતા સમર્પણ ગૌરવ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યાં છે.



'સમર્પણ ગૌરવ સન્માન' : તા. ૫-૯-૨૦૧૮ ડૉ. તેજસ આઝાદ (એસો. પ્રોફેસર પોલિટિકલ સાયન્સ, ડી.એન.પી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા) સમર્પણ કૉલેજ ખાતે



રાષ્ટ્રીય કક્ષાએ પ્રજાસત્તાક દિન પરેડમાં પ્રથમ સ્થાન મેળવવા બદલ ડૉ. દક્ષેશ ઠાકર (વી.સી. વીર નર્મદ દક્ષિણ ગુજ. યુનિ.)ના વરદ્ હસ્તે સન્માન (તા. ૫-૩-૨૦૧૯)



પ્રજાસત્તાક દિનની પરેડમાં પ્રથમ સ્થાને આવતાં ટ્રૉફી સાથે ટેબ્લોના ડિઝાઈનર સાથે સમર્પણ ટીમ (તા. ૨૬-૧-૨૦૨૦, દિલ્હી)



તા. ૨૬-૧-૨૦૨૦ના રોજ પ્રજાસત્તાક દિન પરેડમાં પ્રથમ સ્થાન આવેલ જલશક્તિ મંત્રાલયના ટેબ્લોનું સંચાલન ડૉ. મનિષા રબારીએ કરેલું તેના અનુસંધાને રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ સાથેની મુલાકાત (તા. ૨૭-૧-૨૦૨૦)



વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન પ્રોગ્રામમાં 'કારકિર્દી ગઠન માટેનું પ્રોત્સાહન' તા. ૧૩-૭-૨૦૧૯, સમર્પણ કૉલેજ



તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુરથી NAAC વ્યવસ્થાપન માટે આવેલા પ્રતિનિધિ મંડળ સમક્ષ કૉમર્સ વિભાગની પ્રવૃત્તિઓના અહેવાલની રજૂઆત (તા. ૧૧-૧૨-૨૦૧૯)




ગુજરાત સરકારના 'પ્લેસમેન્ટ ફેર ૨૦૧૯માં સંસ્થાનું પ્રતિનિધિત્વ (તા. ૩૦-૧-૨૦૧૯) સરકારી કૉમર્સ કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર



પ્રજાસત્તાક દિન ૨૦૧૮માં સંસ્થાના મુખ્ય મહેમાન તરીકે ધ્વજવંદન તા. ૨૬-૧-૨૦૧૮